**મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે "શહીદ દિવસ" નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ હતો.**

ભારતના અમર શહીદોને શ્રદ્ધાંજલિ અર્પિત કરવા માટે, ૩૦મી જાન્યુઆરીના રોજ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે "શહીદ દિવસ" નિમિત્તે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત સવારે ૧૦:૫૫ કલાકે થઈ હતી, જેમાં સંસ્થાના ફેકલ્ટી સભ્યો અને કર્મચારીઓએ એકત્રિત થઈને શહીદોની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળ્યું હતું. ત્યારબાદ, સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), ડૉ. આર. આર. આચાર્યએ પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. તેમણે શહીદ દિવસનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે આપણે સૌએ આપણા દૈનિક જીવનમાં સત્ય, શિસ્ત અને નૈતિકતા જેવા મૂલ્યોને આત્મસાત કરવા જોઈએ. દેશભક્તિની ભાવના અને રાષ્ટ્ર પ્રત્યેની સામૂહિક જવાબદારીના સંદેશ સાથે આ કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

